GJVD050003062021	सत्यमेव जयते	પ્રાપ્તિ તારીખ	૦૩/૦૨/૨૦૨૧		
		દાખલ તારીખ	૦૩/૦૨/૨૦૨૧		
		ફેંસલ તારીખ	૨૦/ ૦૭/૨૦૨૬		
		સમયગાળો	વર્ષ	માસ	દિવસ
			૦૫	૦૫	૧૭

મે.એડીશનલ સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ. સાવલી.

રે.દિ.મુ.નં.૨૮/૨૦૨૧
આંક :–

વાદી :– મેનેજર શ્રી,
અભિષેક જૈન
સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,
સાવલી શાખા, તા. સાવલી, જી. વડોદરા

વિરુધ્ધ

પ્રતિવાદી :– મૈયત ભીખાભાઇ અર્જુનભાઇ ડોડીયાના વારસો
૧) બજુબેન ભીખાભાઇ ડોડીયા
ઉ.વ. પુખ્ત, ધંધો–ખેતી/ઘરકામ

૨) કલ્યાણસીંહ ભીખાભાઇ ડોડીયા
ઉ.વ. પુખ્ત, ધંધો–ખેતી

૩) રમેશભાઇ ભીખાભાઇ ડોડીયા
ઉ.વ. પુખ્ત, ધંધો–ખેતી

તમામ રહે. મુ. બાલાના પુરા, તા. સાવલી, જી. વડોદરા

વાદી તર્ફે :– વિ. વકીલશ્રી ડી.ડી. ત્રીવેદી

પ્રતિવાદી તર્ફે :– એકતરફી

બાબત :–દાવો – રૂ. ૨,૪૨,૫૦૪.૦૦/– પૈસા વસુલ લેવા બાબત .....

– : ચુકાદો :–

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા એ રાષ્ટ્રિયકરણકૃત (નેશનલાઇઝ) બેન્ક છે અને બેન્કીંગ કંપનીઝ એકવીઝીશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેઇકીંગ એકટ નં.૫, સને ૧૯૭૦ અન્વયે સ્થપાયેલી બોડી કોર્પોરેટ છે અને તેની એક શાખા સાવલી, તા.સાવલી, જી. વડોદરામા આવેલી છે. વાદી બેંક ખેતધિરાણ, ડેરી લોન, વાહન ધિરાણ, સ્ટુડન્ટ લોન, ટ્રેકટર લોન, ધંધા– રોજગાર–વેપાર માટે લોન, હાઉસીંગ લોન, ટર્મ લોન, કેશ ક્રેડિટ વિગેરે પ્રકારની લોન ફેશેલિટીની સગવડ આપી લોનનું ધિરાણ કરે છે. સદર કામના પ્રતિવાદીને ખેત વિષયક ક્રોપ લોન માટે રૂા.૨,૦૦,૦૦૦/– તા.૦૯/૦૭/૨૦૧૪ ના રોજ લોન આપી હતી અને તેમનો ખાતા નં. ૩૩૯૫૧૮૫૬૦૮૯ છે અને સદર લોનના હપ્તા તેમજ વ્યાજ બેંકના નક્કી કરેલ રૂલ્સ રેગ્યુલેશન મુજબ ભરવાના હતા અને તે રીતે પ્રતિવાદી તૈયાર થયેલા અને પ્રતિવાદીએ વાદી બેંકના લોનના તમામ પેપર્સ માં સહી કરી આપી હતી અને લોન મેળવી હતી.

હાલના પ્રતિવાદીએ બેંકની લેણી રકમનો અંગીકાર (સ્વીકાર) કરેલ છે તેમજ બેંકના બાકી લેણાની તેમજ તેમાં લખેલ તમામ રકમ પ્રતિવાદી વાદી બેંકને તેના વ્યાજ તેમજ ખર્ચ સહિત ભરપાઈ કરવા કબુલ છે. તે રીતે વાદી બેંકની તરફેણમાં પ્રતિવાદીએ દસ્તાવેજો કરી આપેલા અને તે દસ્તાવેજો હાલમાં પણ ચાલુ અને અમલમાં છે. હાલના પ્રતિવાદીને બેંકના તમામ દસ્તાવેજોની હકીકત ગુજરાતી ભાષામાં સરળ રીતે સમજાવેલ છે અને તે બદલ પણ પ્રતિવાદીની સહી લીધેલ છે.

હાલના પ્રતિવાદીએ બેંકને અરજી, એગ્રીમેન્ટ ઓફ હાયપોથીકેશન, રીવાઇવલ લેટર, લેટર ઓફ એગ્રીમેન્ટ, એકરારનામું વિગેરે પ્રકારના દસ્તાવેજો વાદીને સહી કરીને આપેલા છે અને ત્યારબાદ વાદીએ પ્રતિવાદીને લોન આપી છે તેમ છતા પ્રતિવાદી

સદર બેંકની બાકી લેણી રકમ ભરતા ન હોય તેથી હાલનો આ દાવો કરવાની જરૂરત ઉભી થઇ છે.

વાદી બેંકે પ્રતિવાદીને બેંકની બાકી નીકળતી લેણી રકમ ભરી જવા માટે ઘણી વખત લેખિતમાં નોટીસ આપી હતી તેમજ રૂબરુમાં પણ લેણી રકમ વસુલ લેવા માટે પ્રતિવાદીને મળેલા તેમજ જણાવેલું તેમ છતાં પ્રતિવાદીએ બેંકની બાકી લેણી રકમ આજદીન સુધી ભરેલ નથી જેથી સદર લેણી રકમ વસુલ લેવા માટે હાલનો આ દાવો કરેલ છે. હાલ પ્રતિવાદીના ખાતે લોનના નીકળતા બાકી રૂા. ૨,૪૨,૫૦૪/- તેમજ વ્યાજની રકમ બાકી પડે છે જે વસુલ મેળવવા હાલનો આ દાવો કરેલ છે. હાલના પ્રતિવાદીને વાદી રૂબરૂમા લેણી રકમની ઉઘરાણી કરવા માટે ગયેલા અને પ્રતિવાદીને લેણી રકમ ભરી જવા જણાવેલ તેમજ લેખીતમાં પ્રતિવાદીએ લોનના બાકી પડતા નાણાં અંગેનો અંગીકાર (સ્વીકાર) કરતું લખાણ/પત્ર તા.૨૧/૦૧/૨૦૨૧ ના રોજ કરીને જવાબદારી સ્વીકારી સહી કરી ત્યારથી આ દાવાનું કારણ ઉભુ થયેલ છે.

વધુમાં વાદીએ તેઓની અરજીના પેરા-૧૨ માં દાદ માંગેલ છે કે, આ કામના પ્રતિવાદીઓ પાસેથી વાદીના લોનના નીકળતા લેણાના રૂા.૨,૪૨,૫૦૪.૦૦ પૈસા તથા વ્યાજ દાવાની દાખલ તારીખથી વસુલ થતા સુધી ૧૮% ના ચઢતા વ્યાજ સાથે આ કામના પ્રતિવાદીની જાત અને મિલકતોથી વસુલ મેળવવા હુકમનામુ કરી આપવા માંગણી કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને ધોરણસર જાહેર સમન્સ તથા નોટીસની બજવણી થતા પ્રતિવાદી પોતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ ન હોઈ, સદર કામ પ્રતિવાદીની ગેરહાજરીમાં એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલો છે.

(3) આ કામે વાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ

રજુ થયેલ છે.

//મૌખિક પુરાવા//

અ.નં.	પુરાવા	આંક
૧	વાદી હિતેશભાઈ રમણભાઈ પટેલની સોગંદ પર જુબાની	૨૭

//દસ્તાવેજી પુરાવા//

અ.નં.	પુરાવા	આંક
૧	લોન માટેની અરજીની નકલ	૧૬
૨	સેશન્સ લેટર/ લોન મંજુરી પત્રક	૧૭
૩	લેટર ઓફ એગ્રીમેન્ટ	૧૮
૪	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ	૧૯
૫	એનેકસર–જી	૨૦
૬	એનેકસર– એચ	૨૧
૭	એનેકસર– આઈ	૨૨
૮	લેટર ઓફ ઈન્ડીમીનીટી	૨૩
૯	એકરારનામું	૨૪
૧૦	વાદીના વકીલ ધ્વારા આપવામાં આવેલ નોટીસ	૨૫
૧૧	બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ	૨૬

(૪) વાદી તર્ફે આ કામના સિવાય અન્ય કોઈ પુરાવા રજુ થયેલ નથી અને આંક–૨૮ થી કલોઝિંગ પુરસીસ રજુ થયેલ છે.

(૪.૧) વધુમાં પ્રતિવાદીને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતાં કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ન હોય અને પુરાવો રજુ કરતા ન હોય પ્રતિવાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૫) ત્યારબાદ સદર કામે વાદીના વિદ્ધાન વકીલશ્રીએ દલીલો કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) પક્ષકારોના પક્ષનિવેદન અને રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લઈ આંક– ૧૪ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલ છે.

મુદ્દાઓ

1. Whether the plaintiff bank proves that the plaintiff

hasbeen signed andverified by the authorized person of the bank ?

2. Whether the plaintiff bank proves that the defendant no.1 has taken a loan from the Bank and he has also executed the documents in favour of the bank as alleged ?
3. Whether the plaintiff bank proves that they are entitled to recover Rs.2,42,504/- from person and properties of the defendant ?
4. Whether the plaintiff bank proves that the defendant has duly acknowledged the debt within the time prescribed by law of limitation ?
5. Whether the plaintiff bank is entitled to get interest ? If yes, at what rate ?
6. What order and/or decree ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે :–

૧. હકારમાં ,
૨. હકારમાં ,
૩. હકારમાં,
૪. હકારમાં,
૫. હકારમાં
૬. આખરી હુકમ મુજબ.

// કારણો //

(૮) **પ્રસ્થાપિત સિંધ્ધાંતો**

આ કામે વાદી પ્લીડીંન્ગ્સ જોતા મારા મંતવ્ય મુજબ પુરાવાની ચર્ચા કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મજુબ છે.

Section - 101. Burden of Proof.

Whoever desires any Court to give judgment as to any

legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

ઉપરોક્ત કલમની જોગવાઈ ધ્યાને લઈએ તો તેના પ્રથમ ભાગમાં જણાવેલ છે કે, વાદીનો કેસ હકારાત્મક રીતે સાબિત કરવાનો પુરાવાનો બોજો વાદી ઉપર છે અને વાદીએ દાવામાં માંગેલ દાદ મુજબનો હુકમ તેમજ હુકમનામુ મેળવવા હક્કદાર છે તેવુ હકારાત્મક રીતે પુરવાર કરવુ જોઈએ અને તે પ્રતિવાદીના બચાવમાં ક્ષતિ કે તેની ખામી ઉપર આધાર રાખી શકે નહી.

મુદા નં.૧

(૯) સદર દાવો બેંકના અધિકૃત અધિકારીએ સહી કરેલ છે જે રજુ દસ્તાવેજોને આધારે પુરવાર થાય છે કેમકે દાવો સોગંદનામા ઉપર રજુ કરવામાં આવેલ છે. અને તેમા વાદીએ પોતે બેંક ઓફ બરોડામાં નોકરી કરતા હોવાનું જણાવેલ છે. ઉપરાંત આંક-૨૭ ની સરતપાસમાં પણ તેઓ બેંકના અધિકૃત અધિકારીની સહી છે. જેથી પુરવાર થાય છે કે, સદર દાવો બેંકના અધિકૃત અધિકારી ધ્વારા સહી કરવામાં આવેલ છે. જેથી મુદા નં. ૧ જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૦) **મુદા નં. ૨ ના કારણો :-**

સદર દાવાના વાદીએ પ્રતિવાદીને રૂ.૨,૦૦,૦૦૦/- પુરાની રકમ ૧૦ ટકાના વાર્ષિક વ્યાજ દરે હપ્તામાં પરત ભરપાઈ કરવાની શરતે ધિરાણ કરવામાં આવેલ હોવાનું વાદી પુરવાર કરી શકેલા છે, કારણ કે, આંક- ૧૬ થી આંક- ૨૪ ના દસ્તાવેજોમાં પ્રતિવાદીએ પોતે સહી કરી આપેલ છે. અને વાદી પ્રતિવાદીની સહી

ઓળખી બતાવે છે. ઉપરાંત આંક– ૨૬ થી રજુ પ્રતિવાદીના બેંક ખાતાના ઉતારાની નકલ જોવામાં આવે તો તેમાં તા. ૦૯/૦૭ /૨૦૧૪ ના રોજ પ્રતિવાદીએ લોનની રકમ જમા થયેલ છે. ત્યારબાદ વખતોવખત બેંક ધ્વારા લોનની રકમ પ્રતિવાદીના ખાતામાં જમા કરાવેલ હોવાનું જણાઈ આવે છે. આમ, પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લોન લીધેલાની હકીકત પુરવાર થાય છે. સાથે તેમણે વાદી બેંકની તરફેણમાં વિવિધ દસ્તાવેજો સહી કરી આપેલાની હકીકત પણ પુરવાર થાય છે. તેથી મુદા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુદ્દા નંબર: ૩ના કારણો

સદર દાવાના વાદી, પ્રતિવાદીએ શરતો મુજબ ધિરાણની રકમ ભરપાઈ ન કરેલ હોવાનું અને તેથી વાદી બેંક પ્રતિવાદી પાસે રૂા.૨,૪૯,૫૦૪/–પુરા વસુલ મેળવવા હકદાર હોવાનું તથા પ્રતિવાદીને સદર દેવાની જાણ હોવાની હકીકત પુરવાર કરી શકેલા છે. કારણ કે,...

સદર દાવાના કામે આંક:૨૬ થી રજુ લોન એકાઉન્ટનું સ્ટેટમેન્ટ જોવામાં આવે તો તે બેંકના અસલ સહી સિકકાવાળુ છે. તથા તેમાં એકાઉન્ટ નંબર ૩૩૯૫૧૮૫૬૦૮૯ દર્શાવવામાં આવેલ છે. આ સ્ટેટમેન્ટ જોતાં તે તારીખ ૦૯/૦૭/૨૦૧૪ થી તા.૦૬ /૧ ૦/૨૦૨૦ સુધીનું છે અને તા. ૨૦/૧/૨૦૨૧ નું કલોઝર સ્ટેટમેન્ટ છે. અને તે એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં એકાઉન્ટ હોલ્ડર તરીકે પ્રતિવાદીનું નામ તથા સરનામુ જણાવેલ છે. અને સ્ટેટમેન્ટ જોતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે, પ્રતિવાદીએ નકકી થયેલ શરતો મુજબ રૂા.૨,૦૦,૦૦૦/–

નું ધિરાણ મેળવેલ છે. અને ત્યાર બાદ વખતો વખતો લોનની રકમ ભરપાઈ કરવામાં આવેલ છે. અને તમામ વિગતોની ગણતરી કરી બાકી પડતી રકમ તરીકે રૂા. ૨,૭૨,૫૦૪ /–છે. વાદીએ પ્રતિવાદીને નોટીશ તેમની કસુરને કારણે આપવી પડેલ હોય સદર નોટીશની રકમ પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર છે. આમ, આમ, વાદી બેંક એ હકીકત પુરવાર કરી શકેલ છે કે, વાદીબેંક પ્રતિવાદી પાસેથી રૂા. ૨,૭૨,૫૦૪ /– વસુલ મેળવવા હકકદાર છે. જેથી મુદદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુદ્દા નંબર: ૪ના કારણો

સદર કામે પ્રતિવાદીએ તા.૦૯/૦૭/૨૦૧૪ ના રોજ લોન પ્રથમ વખત મેળવેલ જે ૨,૦૦,૦૦૦ની મેળવેલ છે તા. ૦૬ /૧૦/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ વ્યાજની રકમ રૂા.૬૭,૧૭૫/– જમા કરાવેલ છે. તે હકીકત ધ્યાને લેતા દાવો સમયમર્યાદા અધિનિયમ હેઠળ પ્રતિવાદીએ દેવાની છેલ્લી ચુકવણી કરેલ હોય ત્યારથી સમયમર્યાદા ગણાવાની શરૂ થાય છે. અને કરાર આધારીત લેણી રકમના દાવો સમયમર્યાદા જયારે પ્રતિવાદી નાણાં ચુકવવાનો ઈન્કાર કરે ત્યારથી શરૂ થાય છે. પ્રતિવાદીએ તા.૦૬/૧૦/૨૦૨૦ ના રોજ છેલ્લી ચુકવણી કરેલ ત્યાર બાદ ચુકવણી નહીં કરતા, વાદીને પ્રતિવાદી ધ્વારા તા.૨૧/૦૧ /૨૦૨૧ ના રોજ નોટીશ આપવામાં આવેલ. જેમાં પણ વાદી બેંકે પ્રતિવાદીને રૂા. ૨,૭૨,૫૦૪ /– ચુકવી આપવા નોટીશ આપેલ છે. જે આ કામે આંક –૨૫ થી રજુ છે. જેમાં વાદી પોતાની સહી ઓળખી બતાવે છે. પ્રતિવાદીને નોટીશ મળી ગયાનો કોઈ પુરાવો આ

કામે રજુ કેરેલ નથી પરંતુ, પ્રતિવાદીને કોર્ટનો સમન્સ પણ આજ સરનામે મોકલવામાં આવેલ છે. જે પ્રતિવાદને મળી ગયેલ છે. આમ, વાદી એ પ્રતિવાદીને ખરા સરનામે નોટીશ મોકલાવેલ છે અને પ્રતિવાદીને સમય મર્યાદાની અંદર તેના દેવા અંગેની જાણ કરવામાં આવેલ છે.અને સદર દસ્તાવેજો ન માનવાને કોઈ કારણ નથી.

તેમજ સદર નાણાં જાહેર જનતાના નાંણાં છે જો પ્રતિવાદી પોતાની અંગત હેસીયતથી નાણાં નહીં ચુકવે તો પ્રતિવાદીની મિલકતમાંથી નાણાં વસુલ મેળવવા વાદી હકકદાર બને છે. અને પ્રતિવાદીની વર્તણુંક જોતાં પ્રતિવાદી વાદી બેંક ના નાણાં ચુકવવામાં કસુર કરતા આવેલ છે. જે સંજોગોમાં જાહેર જનતાના હીતમાં પ્રતિવાદીની મિલકતમાંથી નાણાં વસુલ કરવા વાદી બેંકને હકક આપવો ન્યાયોચીત જણાઈ આવે છે. આમ, વાદીએ મુદા નં. ૪ પુરવાર કરેલ હોય બંને મુદાનો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુદ્દા નંબર: ૫ ના કારણો :-

ઉપરોકત પેરા નં. ૧૧ અને ૧૨ માં જણાવ્યા મુજબ તથા તેના સબ પેરાઓ ઘ્યાને લેતાં વાદી પ્રતિવાદી પાસે રકમ રૂા.૨,૪૨,૫૦૪ /- (અંકે રૂપિયા બે લાખ બેતાલીસ હજાર પાંચસો ચાર) પુરા વ્યાજ સહીત પરત મેળવવા હકદાર છે.

(૧૪) વધુમાં આ દાવાના કામે આંક: ૧૬ થી આંક: ૨૬ સુધીના વાદી બેંક પક્ષે રજુ થયેલા તમામ અસલ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં પણ વાદી

તેમનની દાવા અરજીમાં તથા સરતપાસના સોગંદનામામાં જણાવ્યા મુજબની તમામ હકીકતો સાબિત કરી શકેલા હોય, વાદી તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ પૈકી રૂા.૨,૪૨,૫૦૪ /-(અં કે રૂપિયા બે લાખ ૪૨ હજાર પાંચસો ચાર) વ્યાજ સહીત પરત મેળવવા હકદાર હોવાનું અત્રેની અદાલત ઠરાવે છે.

(૧૫) સદર કામે વાદીએ, પ્રતિવાદી પાસેથી લોનની રકમ વસુલ મેળવવા ઉપરાંત એવી પણ દાદ માંગેલ છે કે, દાવા તારીખથી વસુલ મળતા સુધી રકમ ઉપર વાર્ષિક ૧૮.૦૦% વ્યાજ અપાવવા અરજ કરેલ છે. જે અંગે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરતાં અગાઉ સિવિલ પ્રોસીજર કોડની કલમ-૩૪ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

Section - 34 Interst -

(1) Where and in so far as a decree is for the payment of money, the court may, in the decree, order interest at such rate as the Court deems reasonable to be paid the principal sum adjudged, from the date of the suit to the date of the decree, in addition to any interest adjudged on such prinipal sum for any period prior to the institution of the suit, { with further interest at such rate not exceeding six per cent, per annum as the Court, deems reasonable on such principal sum}, from the date of the decree to the date of payment, or to such earlier date as the Court thinks fit:

[Provided that where the liability in

relation to the sum so adjudged had arisen out of a commercial transaction, the rate of such further interest may exceed six per cent.per annum, but shall not exceed the contractual rate of interest or where there is no contractual rate, the rate at which moneys are lent or advanced by nationalised banks in relation to commercial transactions.

(2) Where such a decree is silent with respect to the payment of further interest [on such principal sum] from the date of decree to the date of payment or other earlier date, the Court shall be deemed to have refused such interest, and a separate suit therefor shall not lie,

આમ, દાવો દાખલ થયા તારીખથી જે વ્યાજ ચુકવવાનુ રહે છે તેની જોગવાઈ દિવાની કાર્યસંહીતા ૧૯૦૮ ની કલમ–૩૪ માં કરવામાં આવેલ છે અને વ્યાજનો દર નક્કી કરવાની સત્તા અદાલતને બક્ષવામાં આવેલ છે. સદરહુ કલમમાં જોગવાઈ કર્યા અનુસાર વ્યાજનો દર ૬ ટકાથી વધુ ન હોવા જોઈએ પરંતુ સદરહુ કલમના પરંતુકમાં ૬ ટકાની ટોચ મર્યાદા પાછી ખેંચી લેવામાં આવેલ છે અને જો વ્યવહાર ધંધાકીય સંદર્ભોમાંથી ઉદ્ભવેલ હોય અને તે કિસ્સામાં ટોચ મર્યાદા પક્ષકારો દ્વારા નક્કી કરવામાં આવેલ હોય તો વ્યાજનો દર તેને અનુરૂપ રહેશે. જ્યારે હાલના દાવામાં વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે વ્યવહાર થયેલ હોય વ્યાનો દર ૬ ટકાથી પણ વધારે આપી શકાય પરંતુ વ્યાજનો દર પક્ષકારો વચ્ચે નક્કી થયેલા વ્યવહારના દરથી વધુ ન આપી શકાય. વાદીએ, પ્રતિવાદીઓ પાસેથી જે વ્યાજની માંગણી કરેલ છે તે સંદર્ભે પક્ષકારો વચ્ચે થયેલ કરાર આંક–૧૮ ને વંચાણે લેવામાં આવે તો તે

મુજબ ઓછામાં ઓછા ૧૦ ટકાના વાર્ષિક વ્યાજના દર ઉપર લોન આપવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. તે સંજોગોમાં જ્યારે પ્રતિવાદીઓએ, વાદી સંસ્થા કે જે જાહેર સંસ્થા છે અને સામાન્ય નાગરીકના નાણાં તેમાં રોકાયેલા હોય પ્રતિવાદીઓ જેવા ડીફોલ્ટરે જ્યારે લોનની ચુકવણી કરેલ ન હોય તેવા સંજોગોમાં સીવીલ પ્રોસીઝર કોડની કલમ- ૩૪ વંચાણે લેતાં અને તેમાં કરવામાં આવેલ જોગવાઇ જોતાં વાદીની લેણી નીકળતી રકમ રૂા.૨,૪૨,૫૦૪/- પર દાવા દાખલ તારીખથી ૧૦% લેખે સાદુ વ્યાજ આપવામાં આવે તો ન્યાયિક ઠરશે આ અદાલતનું માનવું હોઇ આ અદાલત મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં. ૬ :-

(૧૬) ઉપરોક્ત તમામ ચર્ચા તથા દાવા ના કામે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવાનાં મૂલ્યાંકન અનુસંધાને વાદીએ પૂરતો પુરાવો રજૂ કરી પોતાનું પક્ષ નિવેદન તેમજ દાવો પુરવાર કરેલાનું ફલિત થાય છે .તેમજ પ્રતિવાદી હાલના કામે હાજર રહીને પ્રતિવાદી પક્ષે વાદીની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને વાદીના દાવાને તેમજ વાદી તરફે રજુ થયેલ પુરાવા-સરતપાસને પડકારેલ નથી કે વાદીના સાહેદે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. તે સંજોગોમાં વાદીનો દાવો ખરો હોવાનું અનુમાન કરી શકાય તે સંજોગામાં જ્યારે મુદ્ધા નં. ૧ થી ૫ ના મુદ્દાની ચર્ચામાં આપેલ કારણો અને તેના જવાબોના આધારે વાદીનો દાવો અંશત: મંજુર થવા પાત્ર ઠરતો હોય જેથી સદર દાવાના ન્યાય નિરાકરણ અર્થે મુદ્દા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચીત જણાય છે.

// આખરી હુકમ //

૧. વાદીનો દાવો અંશત:મંજુર કરવામાં આવે છે.

૨. આથી પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ વાદી બેંકની

દાવાની લેણી રકમ રૂા. ૨,૪૨,૫૦૪/- (અંકે રૂપિયા ચોવીસ હજાર એકસો પચ્ચીસ) પુરા દાવો દાખલ કર્યાની તારીખ થી ૧૦ % ના વાર્ષિક વ્યાજ સાથે નાણા વસુલ આપે ત્યાં સુધી ચઢે ચઢ્યા ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૩. વાદી ઉપરોક્ર્ત રકમ પ્રિતવાદીની જાત તથા હરેક પ્રકારની મિલકતમાથી વસુલ મેળવવા હક્કદાર રહેશે.

૪. પક્ષકારો પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૫. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ, આજ તારીખ-૨૦, માંહે-જુલાઇ , સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૨૦/ ૦૭/૨૦૨૬

(પ્રિયંકાબહેન ભગવાનભાઇ ગામીત)
એડી. સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., સાવલી.
(GJ-01583)

ડી.એ. જાની ગુજ.સ્ટેનો.